## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સ્પષ્ટ જનાદેશ વિના ત્રિશંકુ થઈ લટકે છે*
*રહ્યો નથી આત્મા પક્ષોનો, ભૂત થઈ ભટકે છે*
*વટકે છે વાત વાતમાં, નીતિ-શિસ્ત રહ્યાં નથી -*
*બગાસું ખાતાં મળે પતાસાં, સત્તાના ચટકે છે...*

### હાઈકુ

*લગ્નજીવન -*
*ન પવિત્ર સંબંધ -*
*મૈત્રી-કરાર...*

*ટકે છે મૈત્રી*
*પદ-મોહ, સત્તાના -*
*સ્વાર્થ સંબંધે...*

*(ગઠબંધન સરકારોની મનોવૃત્તિ)*

### ચિંતન

*મનસ્યન્યદ્ વચસ્યન્યત્ કર્મણ્યન્દ્ દુરાત્મનામ્ ।*
*મનસ્યેકં વચસ્યેકં કર્મણ્યેકં મહાત્મનામ્ ॥*

**ઉપરોક્ત શ્લોક હિતોપદેશમાંથી લેવામાં આવેલ છે.**

**દુરાત્માઓના મન, વાણી, અને કર્મ જુદા જુદા હોય છે. મહાન આત્માઓનાં મન, વાણી અને કર્મ એક જ હોય છે. આવા મન, વાણી અને કર્મથી એક સરખું વર્તનારા નિર્દંભી સત્પુરુષે આશરો લઈ આપણું જીવન ધન્ય બનાવીએ.**

**'સત્ય' જીવનનો પાયો મન-વચન અને કર્મની 'નિખાલસતા' છે વ્યક્તિ જેવો અંદર હોય એવો જ બહાર (આચરણથી) થી પણ હોવો જોઈએ. દંભ-નાટક-જુઠાણાં એ લુચ્ચા-લબાડ માનવીના આભૂષણ છે.**

**માણસે મન-વચન-કર્મથી એક સમાન રહેવું જોઈએ.**

### સુવિચાર

- હુર્સત નહીં હૈ ઈન્સાન કો ઘર સે મંદિર તરક જાને કી...
  ખ્વાહીશ રખતા હૈ સ્મશાન સે સીધે સ્વર્ગ જાને કી... - **કિશોરસિંહ રાજપૂત**
- ઈચ્છાઓ જ માણસને પાનખર બતાવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દરેક માણસ એવું માને છે કે જયારે પોતે જાગતો હોય,
  ત્યારે બીજાને સૂવાનો અધિકાર નથી - **રોબર્ટ નિરો**
- સંસારના મોટા ભાગના દુઃખો પૈસાના અભાવથી નહીં, બુદ્ધિના અભાવથી પેદા થયા છે - **કાંતિ ભટ્ટ**
- આપણે જેન્ટલમેન જેવા વસ્ત્રો પહેરેલી ગુનેગાર ટોળકીની દુનિયામાં રહીએ છીએ - **કવિ એડવર્ડ**
- તરસ્યો માણસ જો આ જગતમાં પાણીની શોધ કરે તો પાણી પણ
  આ સંસારમાં તરસ્યાઓની શોધમાં હોય છે - **મૌલાના રૂમી**
- આજનું ઔષધ : બીટના પાનનો રસ મધમાં મેળવી દાદર-ખસ ઉપર લગાવવાથી તરત રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પૂનાના પ્રખર સમાજસુધારક ગોપાળ ગણેશ અગરકર પૂનાની શાળામાં હેડમાસ્ટર હતા. તેઓ દરેક વર્ગમાં શિક્ષક કેવું ભણાવે છે તે જોવા અચાનક વર્ગમાં પહોંચી જતા. એક વાર એક વર્ગમાં તેમણે શિક્ષણ કાર્ય જોવાનું નક્કી કર્યું. શિક્ષકની ભણાવવા વખતે પડતી ભૂલોનું એમણે ધ્યાન દોર્યું. અને વિદ્યાર્થીઓની હાજરીમાં શિક્ષકને ઠપકો પણ આપ્યો. આમ થવાથી પેલા શિક્ષકે ચૂપચાપ પોતાની ભૂલ સ્વીકારી લીધી, પરંતુ વિદ્યાર્થીઓના દેખતા જ પોતાને ઠપકો મળવા બદલ તેમને મનમાં ખૂબ ખરાબ લાગ્યું. આ વાત ગોપાળ સાહેબના ખ્યાલમાં આવી. એ વખતે તો ચૂપચાપ તેઓ પોતાની ઓફિસમાં પાછા ફર્યા. પરંતુ પોતે વિદ્યાર્થીઓના દેખતા જ શિક્ષકને ઠપકો આપ્યો તે ઠીક નથી કર્યું એનો ડંખ તેમના દિલમાં રહી ગયો. તેમના મનમાં વિચાર આવ્યો કે આજે વિદ્યાર્થીઓની હાજરીમાં શિક્ષકનું અપમાન ન જ કરાય. છેવટે શાળા છૂટી ગયા પછી ગોપાળ સાહેબે પેલા શિક્ષકને પોતાની ઓફિસમાં બોલાવ્યા. અને પોતે હેડમાસ્ટર હોવા છતાં તેની આ પ્રમાણે બોલ્યા અને હૃદયપૂર્વક માફી માગી. 'ભાઈ, વિદ્યાર્થીઓ સમક્ષ મેં તમારી જે માનહાનિ કરી છે તે અઘટિત છે. મારી પોતાની એ ભૂલ છે. એ માટે મારા પર રોષ ન કરશો મને માફ કરશો.'

# રાફેલ મુદ્દે સુપ્રીમનો ચુકાદો યથાવત્

**તંત્રીસ્થાનેથી...**

પૂર્વ કેન્દ્રીય મંત્રીઓ યશવંત સિન્હા, અરુણ શૌરી અને સુપ્રીમ કરોટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી પ્રશાંત ભૂષણ સહિતના સુખ્યાત નાગરિકોએ રાફેલ સોદા અંગે ડિસેમ્બર ૨૦૧૮માં અપાયેલ ચુકાદા વિરુદ્ધ રિવ્યૂ પિટીશન કરી હતી અને કેટલીક અગત્યની બાબતો અંગે સરકારે ઢાંકપિછોડો કર્યાના ગંભીર આક્ષેપો કર્યા હતા. રાહુલ ગાંધીએ લોકસભાની ચૂંટણી વખતે એક લોકરંજક સૂત્ર પ્રસારિત કર્યું હતું - 'ચોકીદાર ચૌર હૈ.' આ બેઉ બાબતે થયેલ અરજીઓનો નિકાલ કરતાં સુપ્રીમ કોર્ટે એના અગાઉના ચુકાદાને વળગી રહી છે અને એની બેન્ચના ત્રણ પૈકીના બે ન્યાયાધીશોને એમાં ફેરતપાસની કે પુનરાવલોકનની જરૂર લાગી નથી. મુખ્ય ન્યાયમૂર્તિ રંજન ગોગોઈ સરકારને આ મુદ્દે તેમજ અયોધ્યાના રામજન્મભૂમિ મુદ્દે સાનુકૂળ રહ્યા છે. જયારે જસ્ટિસ જોસેફ ફેરતપાસ માટે સીબીઆઈ જેવી એજન્સી નિયુક્ત કરી શકાય એવો અભિપ્રાય આપ્યો છે. ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠમાં બહુમતીથી સરકારને ક્લીનચીટ મળી છે એનો સરકારને પૂરતો સધિયારો છે. વિમાનના સોદાની કિંમત નક્કી કરવાનું કામ અદાલતનું નથી અને એની બેઝિક કિંમતમાં અન્ય સુવિધાઓ ઉમેરાતાં કિંમત વધી શકે એવું જણાવી સર્વોચ્ચ અદાલતે નારંગી અને સરફજનની કિંમત સરખી ન હોય - એવું દૃષ્ટાંત આપી સરકારની તરફેણમાં ફરી એક વાર ક્લીનચીટ આપી દીધી છે. અલબત્ત, વિપક્ષનો અને સવિશેષ અગાઉ ખુદ ભાજપની વાજપેયી સરકારનાં કેબિનેટ મંત્રીઓ તરીકે ફરજ બજાવી ચૂકેલા મહાનુભાવોને આ મુદ્દે અદાલત જરૂર ફેરતપાસનો આદેશ આપશે એવી અપેક્ષા હતી. રાહુલ ગાંધીએ જસ્ટિસ જોસેફના અલગ વિચારને રાફેલ માટે તપાસના દરવાજા ખૂલી ગયાનું નિવેદન ઠપકાર્યું છે. એ માટે એમણે સંયુક્ત સંસદીય સમિતિ રચવાનો આગ્રહ સેવ્યો છે. એમની આ રજૂઆત સંસદમાં ગાજશે, પરંતુ પ્રચંડ બહુમતી ધરાવતા ગૃહમાં એને દાદ મળવાની સંભાવના નહિંવત જ છે. વળી ચૂંટણી પ્રચારમાં વડાપ્રધાન વિરુદ્ધ 'ચોકીદાર ચોર હૈ'નું સૂત્ર વાપરવામાં સુપ્રીમ કોર્ટને પણ સામેલ કરી રાહુલ ગાંધીએ અદાલતની અવમાનના કરી હતી, જેની વિરુદ્ધ ભાજપનાં સાંસદ મીનાશ્રી લેખીની અરજી પર સુપ્રીમ કોર્ટે જે ચુકાદો આપ્યો છે તે કોંગ્રેસના તેજીલા તોખાર માટે આંખ ઉઘાડનારો છે. રાહુલ ગાંધીએ કોર્ટની માફી માગી લીધી એટલે એમને 'જવા દીધા' છ, બાકી આવી ભૂલનું પુનરાવર્તન એમને ભારે પડી શકે છે એવી સ્પષ્ટ ચીમકી અપાઈ છે. રાફેલ યુદ્ધક વિમાન દેશની સુરક્ષા માટે જરૂરી હોવાનું સુપ્રીમ કોર્ટે પણ સ્વીકાર્યું છે અને એ અંગે વિવાદમાં ઊતરવાનું નકાર્યું છે તથા સોદામાં કશું રંધાયું હોવાના મુદ્દે પણ ઈન્કાર કરી સરકારને રાહત આપી છે.

# તીનકા ભી ઉસી ડૂબને વાલે કો સહારા દેતા હૈ...જો ઉસ તક પહુચને કા સાહસ રખતા હૈ....

### ડાયલોગથી દેવભાષા



ડો. જય ઓઝા

તીનકા ભી ઉસી ડૂબને વાલે કો સહારા દેતા હૈ...જો ઉસ તક પહુચને કા સાહસ રખતા હૈ....
- ચાંદની ચોક ટુ ચાઈના

ઈ.સ. ૨૦૦૯માં અક્ષયકુમાર અને દિપીકા પાદુકોણે અભિનિત 'ચાંદની ચોક ટુ ચાઈના' રિલીઝ થઈ હતી, નિખિલ અડવાણી નિર્દેશિત આ ફિલ્મ સેમી હીટ સાબિત થઈ હતી. વાર્નર બ્રધર્સ સાથે જોડાઈને પ્રોડ્યુસ કરવામાં આવેલી આ ફિલ્મનું મોટા ભાગનુ શૂટિંગ ચીન અને થાઈલેન્ડમાં થયુ હતુ. ફિલ્મની વાર્તા શ્રીધર રાઘવન અને સંવાદ રજત અરોરાએ લખ્યાં હતા.

આ ફિલ્મમાં બુદ્ધ ભગવાનનાં જન્મસ્થાનને લઈને થયેલી ટીપ્પણી બદલ ફિલ્મ વિવાદમાં સપડાઇ ગઈ હતી.

આ જ પ્રકારનો એક શ્લોક સુભાષિત રત્નભાણ્ડાગારમાં પણ જોવા મળે છે.

ઉદ્યમઃ સાહસં ધૈર્ય બુદ્ધિ શક્તિઃ પરાક્રમઃ ।
ષડેતે યત્ર વર્તન્તે દેવઃ તત્ર સહાયકઃ ॥

ઉદ્યમ,સાહસ,ધૈર્ય,શક્તિ, બુદ્ધિ અને પરાક્રમ જેની પાસે હોય છે, તેના તો દેવ પણ સહાયક બનતા હોય છે.

સુભાષિત રત્નભાણ્ડાગાર એક દળદાર ગ્રંથ છે.જેના આઠ જેટલાં ભાગ છે. પ્રસ્તુત શ્લોકમાં સ્વયં પર વિશ્વાસ રાખવાનું મહત્ત્વ કેટલું છે, તે સમજાવવાનો આયાસ કર્યો છે.

'મૃચ્છકટિકમ્' ની એક પંક્તિ છે 'સાહસે શ્રીઃ પ્રતિવસતિ' - સાહસમાં જ લક્ષ્મીનો વાસ છે.


'ખુદનો ભરોસો હોય નહિ જેને તેને ખુદાનો ભરોસો નકામો' આપણે હિંમતપૂર્વક સાહસથી જો એક ડગલું આગળ માંડીશું તો, ઈશ્વર સામેથી દોડીને આપણી મદદ કરવા પહોંચી જશે.

વસ્તુતઃ આ પ્રકારનાં નીતિ વિષયક શ્લોક પંચતંત્ર, હિતોપદેશ અને ચાણક્યનીતિ માં પણ કયાંકને કયાંક થોડા-થોડા અલગ પાઠાન્તરો સાથે જોવા મળે છે. ખૂબ જ ઊપયોગી ઉપદેશ આપતી પંક્તિઓ સૌને વારંવાર ટાંકવી ગમતી હોય છે. અને માટે જ લહિયાઓ કે જેઓ તે સમયે પ્રતિલિપિ બનાવવાનું કાર્ય કરતા તેઓ આવી પંક્તિઓને આવા કાલજયી શ્લોકોને વારંવાર કયાંક ને કયાંક ઉદધૃત કરતા.

- jayuoza@gmail.com
Mo.9898046488

## રવિવારે વાર્તા વાચિકમ્, કાવ્ય પઠન, એકાંકી પઠન કાર્યક્રમ

### સાહિત્ય વૃત્ત



મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા સાહિત્યિક કાર્યક્રમો, 'વાર્તા વાચિકમ્, કાવ્ય પઠન, એકાંકી પઠન તથા પુસ્તકોના વિમોચન' અંતર્ગત તેનો લેખક, અરુણ પરમાર લિખિત, વિવેચન સંચય 'ગદ્ય વિશ્વ' ના વિમોચન અને લોકાર્પણનો સમારોહ; સંસ્થાના પ્રમુખ ડૉ. મોહન પરમારના અધ્યક્ષસ્થાને, તા. ૧૭-૧૧-૨૦૧૯નો રવિવાર, બપોરના ૧.૦૦ થી ૪.૦૦ દરમિયાન, '૨૩૧, પહેલો માળ, હરસિદ્ધનગર, સેકટર-૨૪, કોલવડા રોડ' ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે,જેનું સંચાલન મહામંત્રી પ્રા. યશવંત વાઘેલા કરશે. આ સાહિત્યિક કાર્યક્રમને માણવા અચૂક પધારવા ઉપપ્રમુખો નિલેશ કાથડ અને ધરમસિંહ પરમાર અને મંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા સભ્યો, સાહિત્ય રસિકો-ભાવકો અને મહાનુભાવોને જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

# કાયમ સૌરભ કાગ : કવિ દુલા ભાયા કાગ

### ક્ષણના ચણીબોર



વી. એસ. ગઢવી

કવિ દુલા ભાયા કાગને સમાજે ભગતબાપુ કહીને તેમના વ્યક્તિત્વ તથા કવિત્વને ઉચિત સન્માન આપેલું છે. ભારત સરકારે પણ આજથી છ દાયકા પહેલા કવિ કાગને પદ્મશ્રીના ભૂષણથી નવાજીને લોકવાણીનો આદર કરેલો છે. કવિ હીંગોળદાનજી નરેલાએ કવિ કાગને બીરદાવતા દુહામાં આ કવિને સ્થાયી સૌરભની સોગાદ આપનારા કસબી તરીકે યાદ કર્યા છે.

મઘમઘતો મૂકી ગયો
બાવન ફૂલડાનો બાગ
અમ અંતરને આપશે
કાયમ સૌરભ કાગ.

ભગતબાપુએ માનવજીવનના અનેક પાસાઓને આવરી લેતી સુંદર રચનાઓનું સર્જન કરેલું છે. મહાત્મા ગાંધી તેમજ રવિશંકર મહારાજના વિચારોની ઊંડી અસર કવિ કાગના કાવ્યોમાં જોવા મળે છે. ગાંધીજીની કલ્પના મુજબના સ્વરાજ્યમાં રામરાજ્યના અનેક પાસાઓનું દર્શન થાય છે. આથી રામરાજ્યની વાત કરીને કવિ આઝાદી મળે ત્યારપછીની આપણી રાજ્ય વ્યવસ્થા અથવા સાશન વ્યવસ્થા કેવી હોવી જોઈએ તેની વાત કુશળતાથી કરે છે. મીનીમમ ગવર્નન્સની વાત જે આજે થાય છે તેનો નિર્દેશ ભગતબાપુએ આ પદમાં ઘણાં વર્ષો પહેલા કરેલો છે જે નોંધપાત્ર છે. ભગતબાપુએ લખ્યું છે :

એવું હતું રામચન્દ્રનું રાજ
રામચંદ્રનું રાજ તપતો
રઘુકુળનો તાજ... એવું હતું...
રાજા ઘરના દેશ ઘરનો
સૌને ઘરના કાજ જી,
સૌની હદમાં સૌ સ્વતંતર
સૌની સાબૂત લાજ... એવું હતું...
થોડાધારા ન્યાય નિર્મળ
વસ્ત્ર રસ ને અનાજ જી
એનો વહીવટ રૈયત કરતી
વચ્ચે ન પડતું રાજ... એવું હતું...

નારીના ગૌરવમાં કોઈપણ સમાજ કે દેશનું ગૌરવ જોડાયેલું છે છતાં પણ નારી ગૌરવ સામેના અનેક પ્રસંગો દરેક કાળ અને સ્થિતિમાં આપણે જોયા તથા અનુભવ્યા છે. આજના સંદર્ભમાં મૂલ્યાંકન કરીએ તો પણ વિવિધ પ્રકારની કાનૂની જોગવાઈઓ હોવા છતાં તેની ઉપેક્ષા કે ભંગ કરીને નારીના આત્મસન્માનને ઠેસ પહોંચાડવાના પ્રયાસો થયા કરે છે. સમાજના મોટાભાગના વર્ગને જોકે નારીનું ગૌરવ જાળવવામાં રસ હોવા છતાં ગણ્યાં ગાંઠ્યા લોકો આદર્શ સ્થિતિ ઊભી થાય તેની સામે અડચણો ઊભી કરી રહ્યા છે. પણ આવા અનેક અપ્રિય પ્રસંગોને યાદ કરીએ તો મહાભારતમાં કૌરવોની રાજ્યસભામાં જોગમાયા સમાન દ્રૌપદીને હીણપતભરી સ્થિતિમાં મૂકવાનો પ્રયાસ સૌથી વિશેષ ધૃણાસ્પદ લાગે છે. આ સમયે દ્રૌપદીનીજે માનસિક સ્થિતિ હશે તેની કલ્પના કરીને ભગતબાપુએ એક ભજનની સુંદર તેમજ અર્થસભર પંક્તિઓની રચના કરી છે.

દુઃશાસનરૂપી દરિયામાંરે
દ્રૌપદીની ડોલે નાવડીરે જી.
સળગ્યો કૌરવરૂપી ચૂલો રે
ત્રિયાની ગતિ તાવડી રે..
પાંડવો જુગારીવાલા !
મને ગયા છે હારી,
તારો ભરોસો એક ભારી રે
અવતારી ! વારું આવડી.
ભીષમ પિતાને હું તો
થાકી પડકારી,
એની કાયા કૌરવની ઓશિયાળી
મૂછાળી જાણે માવડી.
હું પુકારું તુંને
જૂને વસીલે,
મારા ધણી બેઠા છે મુખડે ઢીલે રે
ખાટકીને ખીલે જાણે ગાવડી...

કૌરવોની ભરી સભામાં શક્તિશાળી પાંચ પાંડવોની પરણેતરની જે માનસિક દશા છે તેનું વાસ્તવિક ચિત્ર ભગતબાપુના ઉપરના પદમાં થયું છે. દરેક કાળે સભ્ય સમાજ સામેનો આ પડકાર છે. માનવીય ગૌરવની જ્યાં હાની થતી હોય ત્યાં કહેવાતા શાણા લોકો ઉપેક્ષા ભાવ દાખવે ત્યારે મહાભારત જેવા મહાસંગ્રામ તથા સંહાર તરફ જગત ક્રમશઃ પગલાં ભરે છે. ભગતબાપુના અન્ય એક કાવ્યમાં કૃષ્ણનું સ્મરણ કરવા છતાં તેમના તરફથી મદદના કોઈ અણસાર મળતાં નથી તે સમયની દ્રૌપદીની સ્થિતિની વાત છે. દ્રૌપદીની વિનવણી પછી આ ઉજ્વળ નારીરત્ન કૃષ્ણને સંબોધીને કેટલાંક કટાક્ષના શબ્દો ઉચ્ચારે છે. અંતરમાં તો અપાર ભાવ છે પણ કપરા સમયમાં સમતા રહેતી નથી એટલે આ મર્મભેદક કટાક્ષના શબ્દોની કવિએ ખૂબીપૂર્વક ગૂંથણી કરી છે.

જાદવરાય ! આપણે શેનો નાતો ?
તું વ્રજવાસી હું પાંચાલી,
બેયની જુદી જુદી જાતો...
પારધી કેરા પાસલામાં જેમ
મૃગલી જીવ મૂંઝાતો રે જી,
સાદ કરું તોય નથી સાંભળતો
આજ અમારા ઉતપાતો...
જાદવરાય આપણે શેનો નાતો.

ભગતબાપુની કાવ્યભોમમાં વિહાર કરીએ તો તેમાં રંગેરંગના અનેક ફૂલડાં ખીલેલા જોઈ શકાય છે. બહુ ઓછા કવિઓ એવા ભાગ્યશાળી હશે કે તેમના પદો ગામોગામ ગવાતા અને ઝીલાતા હોય. "આવકારો મીઠો આપજે" કે "પગ મને ધોવાદ્યો રઘુરાય" જેવા ભજનો એકતારાના સૂરે અનેક ગામોમાં ગવાતા જોઈ શકીએ છીએ. સાંપ્રત સમયમાં જ્યારે સમાજમાં સતત તેમજ સાર્વત્રિક સદભાવની અનિવાર્ય આવશ્યકતા દેખાય છે ત્યારે કવિ કાગે સાથે તેમજ સંપીને રહેવાની શીખ આપી છે. કહેવત મુજબ ઘર હોય ત્યાં વાસણ તો ખખડે પરંતુ તેના કારણે વિખવાદ કે વિસંવાદની ભાવના સમાજ જીવનમાં પ્રસરે નહિ તેની સાવચેતી રાખવા તળાવના નીરનું પ્રતિક લઈને સુંદર વાત કરી છે. સમાજ જીવનમાં મૂલ્યોની મર્યાદા જાળવી રાખવાની આ વાત દરેક કાળે પ્રસ્તુત છે.

પ્રેમી તળાવ તણાં હે પાણી !
સાથ મળી સંપી રહેજો
આફળજો હસતા હસતા પણ
પાળ તણું રક્ષણ કરજો.
બંધન તોડી સ્વછંદી થશો તો
ક્ષણ ઊછળી ક્ષણ દોડી જશો
આશ્રિત જીવનો નાશ થશે ને
નાશ તમારો નોતરશો..

ભગતબાપુની કાવ્યધારા એ આપણાં સાહિત્યનો અમૂલય વારસો છે. કવિ કાગના વતનનું મજાદર ગામ ભાવનગર જિલ્લાનું ખોબા જેવડું નાનું ગામ છે. આ ગામમાં ૧૯૬૩ માં ભગતબાપુના નિમંત્રણથી ગુજરાતી સાહિત્ય પરિષદની બેઠક મળી હતી. બેઠકમાં આપણાં સુપ્રસિધ્ધ સાહિત્યકાર સોપાને અંતરના ઉમંગથી કહ્યું હતું કે કવિ કાગ આપણાં મોટા ગજાના કવિ છે. કાગબાપુની રચનાઓ કાળજયી છે. મજાદર ગામનું 'કાગધામ' નામકરણ કરી રાજ્ય સરકારે કવિના પ્રદાનનું ઉચિત સન્માન કરેલું છે.

# 'કચરો એટલે કોઈ પણ ચીજ તેની યોગ્ય જગ્યાએ ન હોય તે'

### ગાંધી ૧૦૦



ડો. રાજેન્દ્ર જાની

ગાંધીની નાનકડી વાત પણ સંવાદ હતી. કારણ કે બહુ સૌજન્યતાથી તેઓ વાતને સમજાવતા હતા. કહો કે સારું હોય તે સામેવાળાને શીખવતા હતા. નાની નાની વાત બાપુના ધ્યાનમાં આવે તો એ તરત જ એને સમજાવવાનો પ્રયાસ કરતા હતા. એક ઉદાહરણ જોવા જેવું છે. આપણે કચરો એટલે શેને ગણીએ ? તમારા જવાબ જુદા જુદા હોઈ શકે પણ ગાંધીના માધ્યમથી જો કચરાની સમજ જોઈએ તો જવાબ આપણા વિચારથી તદન જુદો આવે. ગાંધીની દૃષ્ટિએ કચરો એટલે કોઈ પણ ચીજ તેની યોગ્ય જગ્યાએ ન હોય તે. આ વાતને ઉદાહરણથી સમજવા જેવી છે.

આશ્રમમાં એક વહેલી સવારે એક સાથી હાથમાં માટીનું ઢેફું લઈને આવતા હતા. તેમને પૂછ્યું ઢેલું કેમ લાવ્યા ? એ ભાઈએ જવાબ આપ્યો 'લોટો ધોવા'. ને ગાંધીએ પ્રતિ પ્રશ્ન કર્યો આટલું મોટું. હવે આપણે કોઈ વિચાર કર્યો છે કયારેય, કે ઢેફું મોટું કે નાનું હોય? ઢેફામાં શું નાનું હોય કે મોટું. પણ ગાંધીને હોય. પણ પેલા ભાઈએ કહ્યું મોટું હતું તે લાવ્યો. એનાથી ધોશો ? વધશે એનું શું કરશો ? પેલા ભાઈએ સહજ જવાબ આપ્યો : 'ત્યાં પડ્યું હતું તેમ પડ્યું રહેશે.' ને ગાંધી કહે છે, 'ત્યાં તો એ પડ્યું હતું ને પડ્યું રહેત ઠેકાણે. અહીં કચરો કરશે. એક તો તમે કચરો કરશ એ ભૂલ અને બીજી ભૂલ તે એ કે તમે કચરો કરશો એ અને બીજી ભૂલ તે એ કે તમે જીવવા વિશે વિચાર કરવાની ટેવ કેળવતા નથી એ.'

ગાંધીજીએ જે બે ભૂલ બતાવી તેમાં પેલા ભાઈ તો લોટો ધોવાનું પણ ભૂલી ગયા હશે અને આપણને પણ પહેલી ભૂલ કરતા બીજી ભૂલ વધારે મોટી લાગે છે. પરંતુ ગાંધીજીના મતે ભૂલ એ ભૂલ હોય એને ગણતરીમાં કમ નંબર આપો તો ચાલે પરંતુ એક નાની અને એક મોટી એમ ગણો તો એ ગણતરી ખોટી. ભૂલ એ હંમેશા ભૂલ જ. એને સુધારી લેવી એ જ કેળવણી એમ ગાંધી ન કહેતા શબ્દો સમજાવે છે.

**સહિયારી મિલ્કતમાંથી ખપ કરતાં વધુ લેવાય? ગાંધીનો સવાલ**

મહાન જીવન એ નાની નાની વાતોનો સરવાળો થકી હોય છે. ગાંધીજીએ પેલા ભાઈને કચરાની વ્યાખ્યા બરાબર સમજાવી દીધી. સોનાની લગડી તિજોરીના બદલે ઘરમાં હડફેટે આવે એમ પડી હોય તે કચરો ગણાય. એથી જ ગાંધીજી કચરો એટલે જે ચીજ તેની યોગ્ય જગ્યાએ ન હોય તે એમ સમજાવે છે. નાની અમથી વાતમાંથી ગાંધી આ રીતે સમજણનો સેતુ પ્રસરાવી દેતા હતા. નાની નાની વાતોને પણ બારીકાઈથી જોઈ સમજીને એ વર્તતા હતા - સમજાવતા હતા એટલે તો એ મહાત્મા કહેવાયા.

ગાંધી આવા મહાત્મા હતા. એમના જીવનમાં કરકસરનું સ્થાન અતિ મહત્ત્વનું હતું. જયારે જરૂર હોય ત્યારે ગાંધી છૂટથી પૈસા વાપરવામાં પાછી પાની કરતા ન હતા. પણ જો ખપ ના હોય તો પૈસાનો વ્યય એમને પોષાતો ન હતો. એક રાજનેતા તરીકે કે લોકસેવક તરીકે હંમેશા તેઓ પાઈએ પાઈ બચાવતા રહેતા હતા. અંગ્રેજીમાં એક કહેવત છે - 'પેની સેવ પેની અર્ન' - એક પાઈ બચાવો - એક પાઈ પેદા કરો. પણ ગાંધી આ પશ્ચિમી કલ્ચરના આર્થિક વ્યવહાર બાબતે જ આ રીતે વર્તતા ન હતા. પશ્ચિમની સભ્યતાથી આગળ વધીને તેઓ સામાજિક અને સામુદાયિક જીવનમાં પણ સીધા પૈસા બચાવવાની વાત ન હોય ત્યાં પણ એમ જ વર્તતા હતા.

ગાંધીજી સવારે વહાલે ઊઠીને મોં ધોવા અને દાતણ કરવા માટે પાણીની નાની લોટી અને પિકદાની પથારી પાસે જ રાખતા હતા. ગાંધીના સાથી મોહનલાલ પંડ્યા આ જોઈને એકવાર કહે બાપુ, પાણીનો તોટો છે ? આ સાબરમતી વહી જાય છે. પાણીની કરકસર (આવી) શું કરવા કરતા હશો? ગાંધીજીએ સવાલ સામે સવાલ ધર્યો : 'મારું મોં તમને બરાબર સાફ થયેલું લાગે છે કે નહીં એ તો કહો?' - મોહનલાલે કહ્યું : 'એ તો છે જ ને' એ ઉત્તર પછી ગાંધીજીએ કહ્યું, 'તો પછી વાંધો કયાં છે? તમે લોટેલોટા પાણી વાપરો છો પણ પલળેલા હાથ વડે મોં પર પાણી ચોપડો છો. હું પાણી વડે મોં બરાબર સાફ કરું છું. આટલું પાણી પૂરતું છે. પણ નદીમાં આટઆટલું પાણી છે. ને.... એવી દલીલનો જવાબ આપતા ગાંધીજી સમજાવે છે કે 'નદીનું પાણી કો ના માટે છે? સૌના માટે છે. નદીનું પાણી સૌ, પશુ, પંખી, માણસ, જીવજંતુ સૌને માટે છે.' મારા એકલા માટે નથી. મારા ખપ પૂરતું જરૂર લઉં. પણ વધારે લેવાનો મને હક્ક નથી. સહિયારી મિલ્કતમાંથી ખપ કરતાં વધારે આપણાથી લેવાય?'

ગાંધીના આ પ્રશ્નનો જવાબ નકારમાં જ આવે. પણ ગાંધીએ એક મોં ધોવા માટેના લોટા પાણીથી કેવી અદ્ભૂત વાત કરી દીધી એ સમજવા જેવું છે. આપણા ગ્લોબલ (વૈશ્વિક)થી માંડીને લોકલ (સ્થાનિક) જે કાંઈ પ્રશ્નો છે એના ઉકેલ માટે ગાંધીજીએ આપેલી નાનકડી સમજણ કેટલી અસરકારક છે એ આપણને સમજાય છે ને !

**(સંદર્ભ : ગાંધી કથા, ઉમાશંકર જોશી, નવજીવન પ્રકાશન)**